ગાંધીનગર સમાચાર

એટીએમ ચોરીનો પ્રયાસ કરનાર
બે બુકાનીધારી કેમેરામાં કેદ

## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે 'ધ વેઈટીંગ રૂમ્સ' નાટક યોજાશે.

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિરમાં સાંજે ૫.૦૦ થી ૮.૩૦ કલાક દરમિયાન મોતીડાના મનોરથના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન મોતીના હિંડોળા યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા સોમવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે ડાહ્યાભાઈ જોષી તરફથી શ્રી વૈજનાથ મંદિર સે-૨૧ ખાતે લઘુરૂદ્ર અભિષેક યોજાશે.

● લાયન્સ કલબ ઓફ ગાંધીનગર તથા માઉન્ટ કાર્મેલ સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત સ્પાર્કસ-ઈન્ટરસ્કૂલ સ્પર્ધામાં સવારે ૯.૩૦ કલાકે સે-૨૧ માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે અંતાક્ષરી સ્પર્ધા યોજાશે.

● આજે સવારે ૧૦.૩૦ કલાકે બહુજન મુકિત પાર્ટીના ધરણાનો કાર્યક્રમ સે-૬-ડી મેદાન ખાતે યોજાશે.

# સે-૨ સ્વામીનારાયણ મંદિર ખાતે હિમાલય દર્શનનો પ્રારંભ

ગાંધીનગર, તા.૩૧

શ્રી સ્વામીનારાયણ મંદિર સેકટર-૨ ગાંધીનગરના આંગણે ભવ્ય હિંડોળા એવમ હિમાલય દર્શન મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આજે બપોરે ૪.૩૦ કલાકે પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજના હસ્તે ભવ્ય હિંડોળા એવમ હિમાલય દર્શનનો પ્રારંભ કરાયો છે. પ.પૂ. વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજના આગમન પ્રસંગે ભકતો દ્વારા ફટાકડા ફોડીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંદિર પરિસરમાં મોટીસંખ્યામાં સંતગણ તેમજ હરિભકતો ઉપસ્થિત રહ્યા હતા. હિમાલય દર્શનના ઉદ્દ્ઘાટન બાદ પ.પૂ.વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજે હરિભકતોને આર્શિવચન પાઠવ્યા હતા.





શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ગાંધીનગર સેકટર-૨ આયોજીત ભવ્ય હિંડોળા એવમ હિમાલય દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. પવિત્ર ચાતુર્માસ દરમ્યાન ભગવાનને હિંડોળે ઝૂલાવવાએ વૈષ્ણવ પરંપરા છે. એ પરંપરાને ભગવાન શ્રી સ્વામીનારાયણે પોષણ આપ્યું છે. તેમજ શાસ્ત્રોમાં આજ્ઞા કરી છે કે ચાતુર્માસ દરમ્યાન ઠાકોરજીને હિંડોળે ઝૂલાવવા. શ્રાવણમાસમાં આપણા મંદિરને આંગણે ભવ્ય હીર હિંડોળા ઉત્સવનું આયોજન તા.૩૧ જુલાઈ થી તા.૨૮ ઓગષ્ટ રવિવાર સુધી કરવામાં આવ્યું છે. આજે પ.પૂ. વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજના હસ્તે હિંડોળા તેમજ હિમાલય દર્શનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોટીસંખ્યામાં હરિભકતો હાજર રહ્યા હતા. જેમાં મંદિરને સંપૂર્ણ હીરની દોરીથી સજાવવામાં આવ્યું છે. હીરના હિંડોળા થર્મોકોલની અવનવી ડિઝાઈનથી સજજ હિંડોળા, કાચના હિંડોળા, આધુનિકતા અને ટેકનોલોજી સજજ હિંડોળા અલગ-અલગ ૨૫ પ્રકારના અવનવા મલ્ટીરીયલના હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવવામાં આવશે. જયારે કૃષ્ણ ભગવાન, સ્વામીનારાયણ ભગવાનના જીવન ચરિત્ર પર સચિત્ર પ્રદર્શન તેમજ બાળકો માટે દર્શન સાથે મનોરંજનસભર ભગવાનની મૂર્તિઓની ગોઠવણી અને શ્રી સ્વામીનારાયણ મંદિર કાલુપુરના ૨૦૦ વર્ષ જૂના ઈતિહાસને દર્શાવતી ટેલિફિલ્મ એવમ હિમાલય દર્શન જેવા ભકિતસભર સામાજીક અને મનોરંજક કાર્યક્રમો નિહાળીને ભકતોમાં આનંદની હેલી પ્રસરી ગઈ હતી. આ પ્રસંગે સે-૨ સ્વામીનારાયણ મંદિરના પી.પી.સ્વામી મહારાજ, ચૈતન્ય મહારાજ, સિધ્ધેશ્વર સ્વામી, સહિત સંતગણ ઉપસ્થિત રહ્યા હતા. હિંડોળા દર્શન તેમજ પ્રદર્શન નિહાળવા નગરના ભાવિભકતોને મંદિર પરિવાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. જયારે પવિત્ર શ્રાવણ માસમાં રવિ સભાનું આયોજન સાંજે ૪.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે. જેમાં ગામડાઓના નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો દ્વારા કિર્તન ભકિત થશે. તેમજ મેડીકલ, આરોગ્ય, યોગ જ્ઞાન, પર્યાવરણ જાળવણી તથા સફાઈ ઝુંબેશ જેવા જરુરી વિષયો પર વિષયના નિષ્ણાંતો દ્વારા માર્ગ દર્શન આપવામાં આવશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના નવા સેકટરોમાં ડહોળુ પાણી આવવાની ફરિયાદો ઉઠવા પામી હતી. વરસાદી વાતાવરણમાં પીવાનું પાણી ડહોળુ આવતા વસાહતીઓએ મુશ્કેલી અનુભવી હતી.

● શનિવારે સાંજે અચાનક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને ગ રોડની પૂર્વ તરફ સામાન્ય છાંટા પરંતુ પશ્ચિમ તરફ ભારે વરસાદી ઝાપટું વરસ્યું હતું. આ સાથે વાવોલમાં વિજળી ગુલ થઈ જવા પામી હતી.

● શહેરમાં ચકચાર મચાવનાર લુંટેરી દુલ્હનના કિસ્સામાં પોલીસે પિડીત દુલ્હાને 'ગાડી ભાડે કરી લે તો તપાસ માટે જઈએ' તેવી ઓફર કરી હતી. સરકારી ગાડી લઈને તપાસ કરવાને બદલે ગાડી ભાડાનો બોજ પોતાના પર આવતા લુંટાયેલા ૫૦ હજાર પરત મેળવવા બીજા વધુ નાણા ખર્ચવા કે નહિ તે અંગે નિર્ણય લેવામાં દુલ્હો બરાબર અટવાયો હતો.

● શહેરના રક્ષા શકિત સર્કલ પર એલઈડી સ્ક્રીન લગાડાયા છે. વાહનચાલકો માટે એલઈડી સ્ક્રીન પર ચાલી રહેલ પ્રસારણ જોવામાં અકસ્માત ના થઈ જાય તેનું ધ્યાન રાખવું આવશ્યક બની રહેશે.

● સે-૨૧માં સત્તાધાર ભોજનાલય ખાતે સોમવારે સવારે ૧૦ વાગે નગરજનોને ગંગાજળના અડધા લીટરના કેરબા વિતરણનો કાર્યક્રમ યોજાશે. આ ગંગાજળ વિતરણ ધોળેશ્વર મહાદેવના મંદિરના મહંતના હસ્તે કરવામાં આવનાર છે.

# શહેરમાં વાઈરલ ફીવરના દર્દીઓમાં ચિંતાજનક વધારો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરમાં ઘેર ઘેર બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. વાઈરલ ફીવરના દર્દીમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. વાઈરલ ફીવરમાં શરદી-ખાંસી, તાવ, માંથુ દુખવું, શરીરમાં કળતરી થવી સહિત પેટમાં દુખાવાની ફરિયાદો પણ વધવા લાગી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તેમજ ખાનગી દવાખાના દર્દીઓથી ઉભરાય છે. મોડીરાત સુધી ખાનગી દવાખાનામાં દર્દીઓની લાંબી લાઈનો જોવા મળે છે. જયારે વાઈરલ ફીવરમાં સપડાયેલા કેટલાક દર્દીઓ સામાન્ય ઘરગથ્થુ ઉપચારની પધ્ધતિઓ અપનાવીને થાકી જતા સારુ ના થતા દવાખાના ભણી દોટ મુકી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાએ માંથુ ઉંચકયુ છે. મેલેરીયા, ટાઈફોઈડ, કમળાના દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. શહેરમાં ઘેર-ઘેર પાંચ વ્યકિતના પરિવારના સભ્યોમાં એક વ્યકિત અત્યારે હાલના સમયે વાઈરલ ફીવરની ઝપટે ચડી ગયો છે. ચોમાસાની સિઝન, રૂતુચક્ર અને વાતાવરણની સીધી અસર માનવીના શરીર પર થાય છે. અત્યારે હાલ બે રૂતુનો અનુભવ નાગરીકો કરી રહ્યા છે. જેથી વાઈરલ ઈન્ફેકશનના દર્દીઓ પણ વધી ગયા છે. વાઈરલ ઈન્ફેકશનમાં પટકાયેલા દર્દીઓ કેટલાક ઘરગથ્થુ ઉપચાર કરીને પણ સારવાર મેળવી રહ્યા છે. જયારે દર્દીઓની સંખ્યા વધતા ખાનગી દવાખાના મોડીરાત સુધી ધમધમતા રહે છે. વાઈરલ ફીવરના દર્દીમાં વધારો થતા તંત્ર પણ હરકતમાં આવી ગયું છે.

# ઘરમાં ઘુસીને યુવતીના માથે હથોડી મારી યુવકે બળાત્કાર ગુજાર્યો

**રાત્રે સાડા બાર પછી બનેલી ઘટના : અગાઉ બંને વચ્ચે પ્રેમસંબંધ હતો : પોલીસ ફરિયાદ**

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરને અડીને આવેલા એક ગામમાં ગઈ મોડી રાત્રે ચકચારી ઘટના બનવા પામી હતી. એક યુવતીને તેણીના ઘરમાં ઘુસીને યુવકે માથે હથોડી મારી યુવતી પર બળજબરીપૂર્વક બળાત્કાર ગુજાર્યો હતો. આ મામલે યુવતીએ પેથાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. યુવક સાથે યુવતીને અગાઉ પ્રેમસંબંધ પણ હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગરને અડીને આવેલા એક ગામમાં પરિણીત યુવતી મકાન ભાડે રાખીને રહે છે. પાંચ છ વર્ષથી તેણીના પતિથી અલગ રહેતી આ યુવતીએ આજે પેથાપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈ રાત્રે સાડા બારથી બે વાગ્યાના અરસામાં તેણીના પૂર્વ પ્રેમીએ તેની પર મરજી વિરૂધ્ધ શારિરીક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. ઘરમાં ઘુસીને તે શખ્સ વિષ્ણુએ માથે હથોડી મારીને તેણી ઉપર બળજબરી પૂર્વક બળાત્કાર ગુજારી બદનામ કરી દેવાની ધમકી આપી હતી અને ત્યાંથી યુવક ફરાર થઈ ગયો હતો. આ મામલે યુવતીએ ફરિયાદ આપતા પીએસઆઈ એલ.એસ. ચૌધરીએ ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ શરૂ કરી છે. ઘટના અંગે એફએસએલને જાણ કરવામાં આવતા સાયન્ટીફીક ઓફીસર જી.પી. દરબાર સ્થળ પર પહોંચી ગયા હતા અને યુવતીના ઘરેથી હથોડી, યુવતીના કપડા અને ચોરસો કબ્જે લઈ તપાસ આરંભી છે.







જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરીટીની વિવિધ સ્કીમો પૈકીની મહિલાઓની જાતીય સતામણી અંગે સે-૧૫, સરકારી વાણિજય કોલેજ ખાતે કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં પેરાલીગલ વોલન્ટર્સ વિમળાબેન અયાચીએ મહિલાઓના અધિકારો, જાતીય સતામણી અંગે વિસ્તૃત કાયદાની સમજ આપી હતી. આ ઉપરાંત શિબિરમાં બાળકોનું જાતીય શોષણ, નાલ્સા સ્કીમ, સ્ત્રી સશકિતકરણ તેમજ વિદ્યાર્થીઓની સુરક્ષા અંગે માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે કોલેજના આચાર્ય એસ.જી. દેસાઈ, પ્રાધ્યાપક ડૉ. શિલ્પાબેન, ફાલ્ગુનીબેન, ડૉ.હિનાબા ઝાલા તથા પેરાલીગલ વોલન્ટર્સ સુધીરભાઈ દેસાઈ, સીતારામભાઈ પટેલ, જ્ઞાનદેવી ઉપાધ્યાય, નટુભાઈ પટેલ અને રાજુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# એટીએમ ચોરીનો પ્રયાસ કરનાર બે બુકાનીધારી કેમેરામાં કેદ


ગાંધીનગર, તા.૩૧

શહેરના સેકટર-૨૯ ખાતે સ્થિત એચડીએફસી બેંકના એટીએમ મશીનને તોડી ચોરી કરવાનો પ્રયાસ થવા પામ્યો હતો. આ ચોરીના પ્રયાસ કરનાર બે બુકાનીધારી શખ્સો સીસી ટીવી કેમેરામાં કેદ થયા છે. જો કે બંનેએ મોં પર રૂમાલ બાંધ્યા હોવાથી ચહેરા દેખાતા નથી. સે-૨૧ પોલીસે સીસીટીવી કેમેરાના ફુટેજ લઈ આરોપીઓ સુધી પહોંચવા દોડધામ શરૂ કરી છે.

એટીએમમાં ઘુસીને બે શખ્સોએ સીસીટીવી કેમેરા તોડી નાંખ્યા હતા પરંતુ કેબીનની બહારના કેમેરામાં બે શખ્સો કેદ થયેલા જોવા મળ્યા છે. સે-૨૧ પોલીસે સીસીટીવી ફુટેજ તપાસતા ધ્યાને આવ્યુ છે કે બે શખ્સો મોં પર રૂમાલ બાંધીને એટીએમ કેબીનના પાછળના ભાગેથી આવ્યા હતા અને ખભે કોલેજ બેગ ભરાવી હતી. બે પૈકી એક શખ્સ એટીએમ કેબીનમાં ચોરી કરવા ઘુસ્યો હતો જયારે બીજો સાગરીત બહાર ઉભો રહીને વૉચમાં હતો કે કોઈ આવી ન જાય. રાત્રે સાડા દશ વાગ્યાના અરસામાં બંને ચોરીના ઈરાદે એટીએમ કેબીન પાસે પહોંચ્યા હોવાનું કેમેરામાં સ્પષ્ટ થાય છે. બંનેએ મોં પર રૂમાલ બાંધ્યા હોવાથી ચહેરા સ્પષ્ટ થતા નથી. પોલીસે અન્ય માર્ગો પરના કેમેરાના ફુટેજ મેળવી ચોરીનો પ્રયાસ કરનાર બંને શખ્સો સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

# ખરેખર 'સુપર સેવિંગ પેક' બચત કરાવે છે કે ખિસ્સા ખંખેરે છે??

**સુપરમોલ માર્કેટના કલ્ચરમાં કંપનીઓની 'સુપર વેલ્યુ પેક' જેવી ઓફરોના નામે એમઆરપી અને ડિસ્કાઉન્ટની અજબ રમત : મોટા પેકિંગમાં માલ ખરીદવાથી લાભ થાય તેવી ગ્રાહકોની માન્યતાનો સિફતપૂર્વક લાભ ઉઠાવી વધુ કિંમત વસુલાય છે**



લાગ્યું એવું લખ્યું

સમીર રામી

ગાંધીનગર, તા.૩૧

મોટા શહેરોથી માંડીને નાના શહેર તથા ગામડાઓ સુધી સુપર માર્કેટ અને શોપીંગ મોલનો જમાનો આવી ગયો છે. સુપર મોલમાં ખરીદી કરતી સ્માર્ટ મહિલાઓ એસીની ઠંડકમાં ટ્રોલીમાં સામાન ભરવાનો રોમાંચ માણવા તલપાપડ હોય છે. એમાં પણ જો 'સુપર વેલ્યુ પેક' જોવા મળે તો તેવા એક નહી બે પેક ઉઠાવી લઈ કેટલા રૂપિયા 'સેવ' કર્યા તેની ગણતરી હોંશે હોંશે માંડે છે. પરંતુ એ ભૂલી જાય છે કે ઘરમાં જરૂર ૧૦૦ ગ્રામની ટુથપેસ્ટની હતી તેની સામે તે ૨૦૦ ગ્રામ વાળી બે ટુથપેસ્ટ એટલે કે ૪ ગણી ખરીદી કરી આવી છે. એટલું પુરતુ હોય તો ઠીક છે પરંતુ પ્રોડકટના પેક પર છાપેલ એમઆરપી અને તેની પર ચોકડી મારીને ડિસ્કાઉન્ટેડ પ્રાઈઝ કેટલી હોય તે જોઈને સુપર સેવિંગની ગણતરી કરતી વખતે તેમને એ ખબર જ નથી હોતી કે જો આ જ પ્રોડકટ તેમણે નાના પેકિંગમાં ખરીદી હોત તો આટલા જ જથ્થા માટે આ કહેવાતા સુપર વેલ્યુ પેક કરતા પણ ઘણી ઓછી કિંમત ચુકવી હોત. સુપરમોલ કલ્ચરના યુગમાં કંપનીઓ દ્વારા ડિસ્કાઉન્ટના નામે ગ્રાહકોને જરૂર કરતા વધુ જથ્થો પણ આસાનીથી વેચી દેવામાં આવી રહ્યો છે અને સાથે સાથે વધુ કિંમત પણ પડાવાઈ રહી છે.

મોટા ભાગના ગ્રાહકો એમ સમજે છે કે જેમ મોટુ પેકિંગ ખરીદીએ તેમ સસ્તુ પડે. કંપનીઓ અને સુપર માર્કેટની મીલીભગતના કારણે ગ્રાહકોની આ માનસિકતાનો લાભ ઉઠાવી સિફતપૂર્વક પોતાના ખિસ્સા ભરી રહ્યા છે. ગ્રાહકો પણ પોતાની સજ્જડ માન્યતાના કારણે કયારેય નાના પેકિંગનો જથ્થો અને કિંમત સાથે મોટા પેકિંગની જથ્થા તથા કિંમતની સરખામણી કરતા નથી. ઉદાહરણ તરીકે એક જાણીતી કંપનીના શેમ્પુના ૨૦ ટકા એકસ્ટ્રા સાથેના કુલ ૫.૫ એમએલ પાઉચની કિંમત રૂ. ૧ છે હવે તે જ શેમ્પુની જો તમે બોટલ ખરીદો તો તે તમને રૂ. ૧૮૦માં પડે. હવે જો તમે ગણતરી કરો તો શેમ્પુના ૬૨ પાઉચ ખરીદો તો કુલ ૩૪૧ એમએલ શેમ્પુ મળે



જેની કિંમત થાય રૂ. ૬૨, પરંતુ તમે ૩૪૦ એમએલની બોટલ ખરીદી તેની રૂ.૨૧૨ની એમઆરપી પર ડિસ્કાઉન્ટેડ પ્રાઈસ રૂ. ૧૮૦ ચુકવો છો એટલે કે ડિસ્કાઉન્ટ મળવા છતાં તમે રૂ. ૧૨૦ વધુ ચુકવો છો. આવી જ કહાની ટુથપેસ્ટ, સાબુ, હેન્ડવોશ, બિસ્કીટ, હેર ઓઈલ, બ્યુટી ક્રીમ, વાસણ ધોવાના સાબુ, વોશીંગ પાવડર, નૂડલ્સ, નાસ્તા, સેવિંગ ક્રીમ જેવી લગભગ તમામ પ્રોવીઝન આઈટમોમાં જોવા મળશે. જો કંપનીને બોટલ પેકિંગની કિંમત લાગતી હોય તો સામે નાના પેકિંગમાં પણ એટલા જથ્થામાં કરવામાં પણ ખર્ચ લાગે જ. ખરેખર તો પ્રોડકશન કોસ્ટ મોટા પેકિંગ કરતા નાના પેકિંગમાં સરવાળે વધુ લાગે અને કંપનીની પ્રોડકટીવિટી પર પણ અસર પડે. તો મોટા જથ્થાનું પેકિંગ સસ્તુ બનવાને બદલે મોંઘુ કેમ?

એક બિસ્કીટનું પેકેટ જેની ૫૦ ગ્રામની એમઆરપી રૂ. ૫ છે તેજ બિસ્કીટના સુપરવેલ્યુ પેકમાં ૧૫૦ ગ્રામ પેકિંગની એમઆરપી રૂ. ૩૦ અથવા તેથી ઓછી હોવી જોઈએ તેના બદલામાં રૂ. ૩૫ છે. આ પેક સુપરમોલમાં તેના ડિસ્કાઉન્ટ સાથે રૂ. ૩૨માં વેચાય એટલે ગ્રાહકો હોંશે હોંશે લઈ લે છે. આ પ્રકારની ચાલબાજી એ કંપની અને સુપરમોલની સહિયારી નૈતિક છેતરપીંડી સમાન છે. જયારે જયારે કોઈ પણ પ્રોડકટ પર 'પ્રમોશન ઓફર કે ફેસ્ટિવલ ઓફર' સાથે સુપર સેવિંગ પેક હોય ત્યારે સિફતપૂર્વક ત્યાં નાના પેકિંગની ગેરહાજરી જોવા મળે છે. આ સાથે મોટા પેકિંગમાં ફાયદો થાય તેવી ગ્રાહકોની ભ્રમણાનો લાભ મેળવી લેવાય છે.

આપણા દેશમાં એમઆરપી એ ગ્રાહકો માટે 'પથ્થર પે લકીર' સમાન છે અને તેની પર ડીસ્કાઉન્ટ મળવું તે ફાયદાની વાત ગણાય તે સ્વાભાવિક છે. પરંતુ નિર્દોષ ગ્રાહકોને એ જ ખબર નથી હોતી કે મોટા પેકમાં બલ્કમાં ખરીદીના નામે સુપર માર્કેટ કે મોટા વેપારીઓ દ્વારા કંપની પાસે વધુ એમઆરપી પ્રિન્ટ કરાવાય છે અને સાથે સાથે ડિસ્કાઉન્ટ પણ છાપવામાં આવે છે જેથી ગ્રાહકને આબાદ રીતે છેતરી શકાય. ગ્રાહકવાદના આ જમાનામાં કોઈ ગ્રાહકને પૃથ્થકરણ કરવાની તસ્દી લેવી નથી. ડિસ્કાઉન્ટ મેળવવાની લાલચમાં કે પોઈન્ટસ એકઠા કરવાની લ્હાયમાં જરૂરી કરતા વધુ ખરીદી કરી પોતાના જ બજેટને ખોરવી દેતા ગ્રાહકોની સંખ્યા ઘણી વધુ છે. આ સાથે વધુ જથ્થાની ખરીદીના કારણે 'વેસ્ટ'નો ખતરો એટલે કે બગાડ થવાની શકયતા પણ વધુ રહે છે. જો ગ્રાહકો થોડીક જાગૃતિ કેળવી ખુલ્લી આંખે ગણતરી માંડી ખરીદી કરવાનો આગ્રહ રાખવામાં સજાગતા કેળવે તો હકીકતમાં બચત કરી શકે છે. જયારે જયારે સુપર મોલમાં પ્રોડકટના મસ મોટા જથ્થાના પેકિંગ પર જો સુપર સેવિંગ કે સુપર વેલ્યુ અથવા અન્ય કોઈ ઓફર હોય અને સાથે તેજ પ્રોડકટના નાના પેકિંગ ત્યાં જોવા ના મળે તો ખરીદી કરતા ખાસ ચેતવું જોઈએ. મોટા ભાગની ઓફરો તો એક યા બીજા નામે વર્ષો વર્ષ સુધી ચાલતી જોવા મળે જ છે. એક જ વસ્તુના નાના પેકના જથ્થા-કિંમત સાથે સ્માર્ટ ફોનમાં આપેલા કેલકયુલેટરથી મોટા પેકિંગના જથ્થા-કિંમતની ગણતરી કરી સરખામણી કરી ખરીદી કરશો તો બિનજરૂરી ખર્ચામાંથી બચી જશો અને ઘરનું બજેટ તથા વાતાવરણ બંને સારી રીતે જળવાઈ રહેશે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

# આજે બહુજન મુકિત પાર્ટી ધરણાનો કાર્યક્રમ કરશે

ગાંધીનગર, તા.૩૧

બહુજન મુકિત પાર્ટી દ્વારા તા. ૧ ઓગષ્ટના રોજ સવારે ૧૦.૩૦ થી સાંજે ૫.૦૦ કલાક દરમિયાન સેકટર-૬-ડીનું મેદાન, પોલીસ સ્ટેશનની પાછળ, મૂળ નિવાસી છાવણી ખાતે દેશ વ્યાપી ધરણાનો કાર્યક્રમ યોજાશે. સમગ્ર અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ, બક્ષીપંચ (ઓબીસી) તેમજ ધર્મ પરિવર્તીત માયનોરીટીના તમામ મૂળ નિવાસી પ્રજાજનોને આ ધરણાના કાર્યક્રમમાં સહયોગ આપવાની અપીલ કરવામાં આવી છે.

## ચક્ષુદાન

ગાંધીનગર, તા.૩૧

શહેરના સેકટર-૨૭ના પ્લોટ નં. ૧૨૭૭ શિવમ સોસાયટીના રહેવાસી સ્વ. રેવાભાઈ કચરાભાઈ રાઠોડનું દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન તેઓના કુટુંબીજન દક્ષાબેન પરમારની સંમતિથિ જુનિયર સીટીઝન કાઉન્સીલે મેળવ્યું હતું. આ સદર કાર્યમાં ડો. મિતૂલ પટેલે તબીબી સેવા કરી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવામાં જુસીકાના કાર્યકર અશોક સોમાણી, દશરથ પરમાર અને દિલીપ દંતાણીએ સેવાઓ પુરી પાડી છે. ચક્ષુઓને અમદાવાદ ચક્ષુ બેંક ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય ગરાડભાઈએ કર્યું હતું. ચક્ષુદાન બાદ રેવાભાઈ રાઠોડનું દેહદાન ડી.એમ. પરમારની પ્રેરણાથી કરાયું હતું. દેહદાન બી.જે. મેડીકલ કોલેજ અમદાવાદ ખાતે અર્પણ કરાયું હતું.

## ચિરવિદાય

- સ્વ. નૈનાબેન દશરથજી ઠાકોર, ઉ.વ. ૪૦
- સ્વ. ઠાકોર તખુજી દોલસંગજી, ઉ.વ. ૪૫
- સ્વ. ઠાકોર જોઈતીબેન ભીખાજી, ઉ.વ. ૯૦
- સ્વ. વ્યાસ ભારતીબેન મનુભાઈ, ઉ.વ. ૬૮
- સ્વ. અમથીબેન ગંગારામ શ્રીમાળી, ઉ.વ. ૮૦
- સ્વ. પૂજાબેન અંદરજી પરમાર, ઉ.વ. ૭૫